# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 2014 થી રમતગમતમાં ભારતનું પ્રદર્શન સુધર્યું - ભારત 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા મજબૂત દાવેદાર.
2. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, 2025 માં ભારતનું ચોખાનું ઉત્પાદન 150 મિલિયન ટનથી વધુ થશે.
3. ભારતે વેનેઝુએલામાં તાજેતરના ઘટનાક્રમ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને વેનેઝુએલાના લોકોની સલામતી માટે સમર્થનની પુષ્ટિ કરી.
4. અમેરિકામાં ડેમોક્રેટિક સાંસદોએ વેનેઝુએલામાં લશ્કરી કાર્યવાહી પર આક્રોશ વ્યક્ત કર્યો
5. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજથી 10 જાન્યુઆરી સુધી ફ્રાન્સ અને લક્ઝમબર્ગની સત્તાવાર મુલાકાતે.
6. ગુજરાતના ગાંધીનગરમાં ટાઇફોઇડની સ્થિતિ અંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહે યુદ્ધના ધોરણે કામગીરી કરવા તંત્રને આદેશ આપ્યા.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - VALLYBALL TOURNAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે 2014 થી રમતગમતમાં ભારતનું પ્રદર્શન સતત સુધર્યું છે . આજે ઉત્તર પ્રદેશના વારાણસીમાં 72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતા તેમણે જણાવ્યું હતું કે ભારત 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે એક મજબૂત દાવેદાર છે . શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેમની સરકારે રમતગમત ક્ષેત્રમાં અનેક સુધારાઓ લાગુ કર્યા છે , જેમાં રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ અને ખેલો ઇન્ડિયા નીતિનો સમાવેશ થાય છે.

(બાઇટ – પીએમ - સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ)

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દેશનું રમતગમત મોડેલ રમતવીર -મૈત્રીપૂર્ણ છે, અને તેથી જ આપણે વર્ષોથી રમતગમતમાં સફળ રહ્યા છીએ . તેમણે કહ્યું કે સરકાર રમતગમતની પ્રતિભાઓને ઓળખવા , તેમને યોગ્ય તાલીમ , પૌષ્ટિક ખોરાક અને પારદર્શક પસંદગી પ્રક્રિયા પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતમાં રમતગમતનું માળખું પણ મજબૂત થઈ રહ્યું છે.

. . . .

# SHIVRAJ SINGH CHOUHAN

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે માહિતી આપી છે કે, 2025 માં ભારતનું ચોખાનું ઉત્પાદન 150 મિલિયન ટનથી વધુ થશે . ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા વિકસિત સુધારેલી ગુણવત્તાવાળી 25 પાકોની 184 નવી જાતોના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી ચૌહાણે કહ્યું કે ભારતે ચોખાના ઉત્પાદનમાં ચીનને પાછળ છોડી દીધું છે.

(બાઈટ – શિવરાજ સિંહ ચૌહાણ)

. . . . .

# G-RAM-G – SHIVRAJ SINGH

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વિકસિત ભારત G-RAM-G યોજના કામદારોના હિતોનું રક્ષણ કરે છે. તેમણે કોંગ્રેસ પાર્ટી પર નવા અમલમાં મુકાયેલા વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) - એક્ટ વિશે જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો.

. . . . .

# EM VENEZUALA

ભારતે વેનેઝુએલામાં તાજેતરના ઘટનાક્રમ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે . વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે , બદલાતી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે . ભારતે વેનેઝુએલાના લોકોની સુખાકારી અને સલામતી માટે પોતાના સમર્થનની પુષ્ટિ કરી છે . કારાકાસમાં ભારતીય દૂતાવાસ ભારતીય સમુદાયના સભ્યો સાથે સંપર્કમાં છે અને તમામ શક્ય સહાય પૂરી પાડતું રહેશે.

દરમિયાન, મંત્રાલયે એક માર્ગદર્શિકા જાહેર કરીને ભારતીય નાગરિકોને તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને વેનેઝુએલાની બધી બિન -આવશ્યક મુસાફરી ટાળવા વિનંતી કરી છે.

. . . . .

# USA PROTEST

અમેરિકામાં ડેમોક્રેટિક સાંસદોએ વેનેઝુએલામાં લશ્કરી કાર્યવાહી પર આક્રોશ વ્યક્ત કર્યો છે . કેટલાક મીડિયા આઉટલેટ્સે આ અમેરિકાની કાર્યવાહીની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યા છે.

દરમિયાન, ગઈકાલે વોશિંગ્ટન, બોસ્ટન, લોસ એન્જલસ, એટલાન્ટા, શિકાગો અને મિયામી સહિત અનેક મુખ્ય અમેરિકાના શહેરોમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યાં હતાં.

. . . . .

# CHINA-VENEZUELA

ચીનની સરકારે જણાવ્યું છે કે, અમેરિકાએ વેનેઝુએલાના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને તાત્કાલિક મુક્ત કરવા જોઈએ.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઇમ્સના અહેવાલ મુજબ , ચીને અમેરિકાને વેનેઝુએલાની સરકારને ઉથલાવવાના પ્રયાસો બંધ કરવા અને વાતચીત દ્વારા મતભેદો ઉકેલવા વિનંતી કરી છે.

ચીને અમેરિકાને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીની વ્યક્તિગત સુરક્ષાની ખાતરી આપવા પણ વિનંતી કરી છે.

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# S. JAYSHANKAR

વિદેશ મંત્રી ડૉ . એસ. જયશંકર આજથી 10 જાન્યુઆરી સુધી ફ્રાન્સ અને લક્ઝમબર્ગની સત્તાવાર મુલાકાતે . ડૉ. જયશંકર પેરિસમાં ફ્રેન્ચ નેતાઓને મળશે અને વિદેશ મંત્રી જયાં-નોઅલ બેરોટ સાથે વાતચીત કરશે.

બંને નેતાઓ ભારત -ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ થયેલી પ્રગતિ અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે . વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ડૉ. જયશંકર 31મા ફ્રેન્ચ રાજદૂતોના પરિષદમાં મુખ્ય મહેમાન તરીકે પરિષદને સંબોધશે.

વિદેશ મંત્રી લક્ઝમબર્ગમાં નાયબ પ્રધાન મંત્રી અને વિદેશ પ્રધાન ઝેવિયર બેટેલ અને અન્ય નેતાઓ સાથે વાતચીત કરશે . તેઓ લક્ઝમબર્ગમાં ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે.

. . . .

# ARMY CHIEF OF STAFF GENERAL

સેના પ્રમુખ જન રલ ઉપેન્દ્ર દ્વિવેદી સંયુક્ત આરબ અમીરાત - UAE અને શ્રીલંકાની મુલાકાત માટે રવાના થયા છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે જનરલ દ્વિવેદી પ્રથમ તબક્કામાં બે દિવસની મુલાકાત માટે UAEમાં રહેશે. મુલાકાત દરમિયાન, આર્મી ચીફ UAE આર્મીના કમાન્ડર સહિત સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓને મળશે અને મુખ્ય લશ્કરી મથકોની તેમજ UAEની નેશનલ ડિફેન્સ કોલેજની પણ મુલાકાત લેશે.

બીજા તબક્કામાં, આર્મી ચીફ શ્રીલંકાની યાત્રા કરશે અને વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને નેતાઓ સાથે વાતચીત કરશે . તેઓ શ્રીલંકાના આર્મી સ્ટાફના વડાને પણ મળશે. જનરલ દ્વિવેદી ડિફેન્સ સર્વિસીસ કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજમાં અધિકારીઓને સંબોધિત કરશે અને ભારતીય સશસ્ત્ર દળોના સર્વોચ્ચ બલિદાનના માનમાં IPKF યુદ્ધ સ્મારકમાં શ્રદ્ધાંજલિ આપશે.

. . . . .

# GANDHINAGAR TYPHOID

ગુજરાતના ગાંધીનગરમાં પાણીજન્ય ટાઇફોઇડની સ્થિતિ અંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહે યુદ્ધના ધોરણે કામગીરી કરવા તંત્રને આદેશ આપ્યા છે . તેમણે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , જિલ્લા કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશ્નર સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો પણ આપ્યા છે.

શ્રી શાહે દર્દીઓને નિષ્ણાંત તબી બો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા અને હોસ્પિટલમાં સગાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવા પણ સૂચના આપી છે.

આ ઉપરાંત તેઓએ લીકેજના તાત્કાલિક સમારકામ અને રોગનો ફેલાવો અટકાવવા આસપાસના વિસ્તારોમાં પાઇપલાઇનની સઘન ચકાસણીના પણ આદેશ આપ્યા છે.

આ શં કાસ્પદ ટાઈફોઇડના કુલ 113 કેસો મળી હોવાનું સિવિલના તબીબી અધિક્ષક મિતા પરીખે જણાવ્યું હતું.

. . . . . .

# WORLD BRAILLE DAY

આજે વિશ્વ તેના સર્જક લુઇસ બ્રેઇલના સન્માનમાં વિશ્વ બ્રેઇલ દિવસ ઉજવી રહ્યું છે. બ્રેઇલ એક કોડ છે જે દૃષ્ટિહીન લોકોને છ ઉભા બિંદુઓની પદ્ધતિનો ઉપયોગ કરીને આંગળીના ટેરવે વાંચવા સક્ષમ બનાવે છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

(વોઈસકાસ્ટ – અજય ઈન્દ્રેકર)

બ્રેઇલ 1824 માં લુઇસ બ્રેઇલ નામના ફ્રેન્ચ છોકરા દ્વારા બનાવવામાં આવ્યું હતું જેનો જન્મ 1809 માં 4 જાન્યુઆરીએ થયો હતો . આજે, બ્રેઇલનો ઉપયોગ વિશ્વભરમાં ઘણી ભાષાઓમાં થાય છે. હજારો દૃષ્ટિહીન લોકો ખરીદીની સૂચિથી લઈને નવલકથાઓ વાંચવા, ગણિતની સમસ્યાઓ ઉકેલવા , વૈજ્ઞાનિક સમીકરણો તેમજ સંગીત શીખવા સુધીની દરેક વસ્તુ માટે બ્રેઇલનો ઉપયોગ કરે છે.

નવી દિલ્હીમાં નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઇન્ડ આ દિવસની ઉજવણી માટે આજે એક સમારોહનું આયોજન કર્યું હતું . ફેડરેશન દ્વારા દૃષ્ટિહીન લોકોન ા ઉત્થાન માટે અને તેમને સમાનતા અને ગૌરવ સાથે જીવનનો અધિકાર પૂરો પાડવા માટે "મોર બ્રેઇલ મોર એમ્પાવરમેન્ટ" નામનું સંયુક્ત બ્રેઇલ અભિયાન પણ શરૂ કરવામાં આ વ્યું હતું. પત્રકારો સાથે વાત કરતા, નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઇન્ડના જનરલ સેક્રેટરી , એસ કે રૂંગટાએ જણાવ્યું હતું કે બ્રેઇલ સમાજમાં દૃષ્ટિહીન લોકોને સમાવિષ્ટ કરવામાં મદદ કરે છે . તેમણે દૃષ્ટિહીન લોકો માટે બ્રેઇલના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે ભાર મૂક્યો કે બ્રેઇલની રચના થયાને લગભગ 200 વર્ષ થઈ ગયા છે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી, સમાચાર અમદાવાદ

. . . . .

# IRAN - DEATHS OF PROTESTERS

ઈરાનમાં એક અઠવાડિયાની અશાંતિ દરમિયાન સોળ લોકો માર્યા ગયા છે. વધતી કિંમતો અને આર્થિક મુશ્કેલીઓ સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે , જે છેલ્લા ત્રણ વર્ષમાં ઈરાનમાં સૌથી ગંભીર આંતરિક પડકાર છે. ગંભીર આર્થિક મુદ્દાઓ પર વિરોધ પ્રદર્શન 28 ડિસેમ્બરે શરૂ થયા હતા અને હવે શાસન પરિવર્તનની માંગમાં પરિણમ્યા છે.

. . . . . .